# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,

જિલ્લા સેવા સદન–૨, પ્રથમ માળ,

જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર ફોન નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫

E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in


---

ક્રમાંક : સકઅ/જાતિપ્રમાણપત્ર/૨૦૧૮–૧૯/ ૧૦૬૩૪  તા. ૯ /૧૨/૨૦૧૮

*ઘણો જરૂરી / સમય મર્યાદા*

## ધોરણ ૧૦ / ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર આપવા અંગેનો પરિપત્ર

પ્રતિ,
આચાર્યશ્રી,

____________________________________

મુ.____________,તા. ________, જિ. બનાસકાંઠા.

**વિષય:** ધોરણ ૧૦ / ૧૨ માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતિ–વિમુક્ત જાતિ, ધાર્મિક લઘુમતિ જાતિ તથા બિનઅનામત વર્ગોના વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર અંગેની દરખાસ્ત મોકલી આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક /સશપ/૧૧૦૯/૬૬૩/અ થી ધોરણ ૧૦ / ૧૨ ના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે અનામતનો લાભ મેળવવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના જાતિના પ્રમાણપત્રો સરળતાથી મળી રહે તે માટેની પધ્ધતિ અમલમાં છે.સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૨/૦૮/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૧૦૯/૧૬૬૩/અ થી આ પધ્ધતિમાં આંશિક ફેરફાર કરી નીચે મુજબ સુધારો કરેલ હોઈ તે મુજબ કાર્યવાહી કરવાનું જણાવવામાં આવેલ છે.

ચાલુ વર્ષ ૨૦૧૮–૧૯ માં ધોરણ – ૧૦ / ૧૨ ની પરીક્ષા આપનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતિ–વિમુકત જાતિ, ધાર્મિક લઘુમતિ જાતિ તથા બિનઅનામત વર્ગોના વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે સરળતા રહે તે હેતુથી વિદ્યાર્થીઓ પાસેથી નીચે મુજબના આધાર – પુરાવા સાથે નિયત નમૂનાના અરજીફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરાવી ડીસેમ્બર માસની ૨૫ (પચીસ) તારીખ સુધીમાં શાળાઓએ સબંધિત શાળા વિકાસ સંકુલને પહોંચતી કરવાની રહેશે. અને શાળા વિકાસ સંકુલના વડાએ ડીસેમ્બરની ૩૦ તારીખ સુધીમાં જાતિ પ્રમાણપત્રની દરખાસ્તો જરૂરી આધાર પુરવા સાથે પત્રક–૧ ના નિયત નમુનામાં તૈયાર કરી તાલુકાની ગ્રામ્ય વિસ્તારની શાળાઓ માટે જે તે તાલુકા વિકાસ અધિકારીશ્રીને, તાલુકા મથકની શાળાઓ માટે જે તે તાલુકાના મામલતદારશ્રીને, અને જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેરની શાળાઓ માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ.જા.) બનાસકાંઠા, પાલનપુર ને મોકલી આપવાની રહેશે.

સબંધિત શાળાઓએ સબંધિત કચેરીઓ પાસેથી જાન્યુઆરી માસના અંત સુધીમાં જાતિના પ્રમાણપત્રો મેળવી લઈ ધોરણ ૧૦ / ૧૨ ના પરિણામ સાથે સામુહિક રીતે વિદ્યાર્થીઓ અને તેમના પિતા/વાલીઓને પહોંચ લઈને જાતિ પ્રમાણપત્રો આપી દેવાના રહેશે. અગાઉ ધો. ૧૦ માં જે વિદ્યાર્થીએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતિ–વિમુકત જાતિ, ધાર્મિક લઘુમતિ જાતિ તથા બિનઅનામત વર્ગોનું જાતિ પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓને ધો.૧૨ પછી પુનઃ જાતિ પ્રમાણપત્ર મેળવવાનું નથી. આવા વિદ્યાર્થીઓની જાતિ પ્રમાણપત્રની દરખાસ્ત કરવી નહી જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

**સંસ્થાએ દરખાસ્ત સાથે નીચે મુજબના આધારો સામેલ કરવાના રહેશે.**

(૧) નિયત અરજી પત્રક (નમુનો સામેલ છે).

(૨) વિદ્યાર્થીનું બોનાફાઈડ સર્ટીફીકેટ.

(૩) વિદ્યાર્થીના પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અસલ તથા તેની પ્રમાણીત નકલ.

(૪) વિદ્યાર્થીના પાસપોર્ટ સાઈઝના બે ફોટા (એક અરજીપત્રકમાં નિયત જગ્યાએ ચોંટાડવાનો રહેશે.)

(૫) રહેઠાણના પુરાવા માટે રેશનકાર્ડ / લાઈટ બીલ/ આધારકાર્ડ ની પ્રમાણીત નકલ.

(૬) વિદ્યાર્થીઓની માહિતી દર્શાવતું નિયત નમુનાનું પત્રક.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર.

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા.)બનાસકાંઠા, પાલનપુર

**<u>નકલ રવાના :–</u>**

(૧) સંચાલકશ્રી, શાળા વિકાસ સંકુલ, .................. તા............. જિ. બનાસકાંઠા **તરફ જાણ તથા જરૂરી** કાર્યવાહી સારૂ.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી ................. જિ. બનાસકાંઠા તરફ જાણ.

(૩) મામલતદારશ્રી .................. જિ. બનાસકાંઠા તરફ જાણ.

**૨/– આપના તાલુકાની શાળાઓનસ હાઈસ્કુલોની જાતિ પ્રમાણપત્રની દરખાસ્ત અન્વયે ડીસેમ્બરના** અંત સુધીમાં જાતિ પ્રમાણપત્ર અપાઈ જાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવા સારૂ

**<u>નકલ સવિનય રવાના :–</u>**

માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.

**:– બોનાફાઈડ પ્રમાણપત્રનો નમુનો :–**

વિદ્યાર્થીનું નામ :–..........................................................................

વિદ્યાર્થીના પિતાનું નામ :–..........................................................................

સરનામું :–..........................................................................

જ.ર.નં. :–...............જાતિઃ– ....................પેટા જાતિઃ–.................

જન્મ તારીખ :–............. જન્મ સ્થળઃ મુ. :– ............. તા.:– ....................

જિ.:.................... શાળામાં દાખલ તારીખ:–.......................

તારીખ :– શાળાનું રાઉન્ડસીલ આચાર્યશ્રીનો સહી સિક્કો

સ્થળ :–

**પત્રક–૧**

**:: વિદ્યાર્થીઓની માહિતી દર્શાવતું પત્રક ::**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ધોરણ | સરનામું | જન્મ તારીખ | જી.આર. નં. | જાતિ / પેટાજાતિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

તારીખ :– શાળાનું રાઉન્ડસીલ આચાર્યશ્રીનો સહી સિક્કો

સ્થળ :–

# પરિશિષ્ટ - ૧

## ગુજરાત રાજ્ય

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે જાતિ પ્રમાણપત્ર મેળવવા અંગેનું અરજી ફોર્મ

સરકારશ્રીએ જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ પૈકી.................... જાતિમાં મારો સમાવેશ થાય છે. મારે રાજ્ય સરકારે જાહેર કરેલ અનામાત નીતિનો તેમજ મળવાપાત્ર અન્ય સહાય/લાભ મેળવવા માટે જાતિ પ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું પૂરું નામ/સરનામું, ટેલિફોન (કોડ નંબર સાથે) મોબાઈલ નંબર | : | |
| ૨ | અરજદારના પિતા/વાલીનું પૂરું નામ | : | |
| ૩ | અરજદારની માતાનું પૂરું નામ | : | |
| ૪ | અરજદારની જાતિ/પેટા જાતિ | : | |
| ૫ | અરજદારનું વતન ગામ....................<br>તા. ......... જિ. .......... રાજ્ય........ | : | |
| ૬ | અરદારના પિતાનું જન્મ સ્થળ/અને મૂળ વતન........<br>તાલુકો............. જિલ્લો...........<br>રાજ્ય ............ | : | |
| ૭ | બહારના રાજ્યના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો (મૂળ વતનનું રાજ્ય અને ગુજરાતમા કેટલા વર્ષથી વસવાટ છે.) | : | |
| ૮ | અરજદારના પિતાની જાતિ/પેટા જાતિ અંગેની માહિતી | : | |
| ૯ | જાતિ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | : | |
| ૧૦ | જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજુ કરેલા આધાર/પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત.<br>(૧)<br>(૨)<br>(૩)<br>(૪) | : | |

## • બાંહેધરી •

મારી ઉપર મુજબની તમામ વિગતો સાચી છે તેની હું ખાત્રી આપુ છું, જે ધ્યાને લઈ મને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી, અમોએ મેળવેલ જાતિ પ્રમાણપત્ર અધિકૃત અધિકારી દ્વારા કોઈપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો પ્રવેશ/નિમણૂંક કોઈ પણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટિસ આપ્યા સિવાય રદ કરવા પાત્ર છે, અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર/વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

સ્થળ :- ..........................

તારીખ :- ..........................

અરજદારની પુરી સહી :-

(નામ) ....................................................................

પિતા/માતા/વાલીની પુરી સહી :-

(નામ) ....................................................................

## • જાતિ પ્રમાણપત્ર મેળવવા રજૂ કરવાના થતા પુરાવા •

૧. અરજદારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર સમક્ષ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, પિતા, કાકા, ફોઈ પૈકી કોઈ એકનો જાતિ પુરવાર થાય તેવો દસ્તાવેજ માંગી શકશે.

૨. વિવાદસ્પદ/શંકાસ્પદ કિસ્સામાં સક્ષમ અધિકારીને જરૂર જણાય તો જાતિ પુરવાર કરવા માટે તા.૧/૪/૧૯૭૮ પહેલાંના આધારભૂત પુરાવા રજુ કરવાના રહેશે.

૩. અન્ય રાજ્યમાંથી સ્થળાંતરિત ઉમેદવારના કિસ્સામાં તા.૧/૪/૧૯૭૮ કે તે પહેલાંથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારિત પુરાવા રજુ કરવાના રહેશે.

૪. રહેઠાણના પુરાવા :- રહેઠાણના પુરાવા તરીકે લાઈટબીલ, ટેલીફોન બીલ, રેશનકાર્ડ, ઘરવેરા બીલ, ચૂંટણી ઓળખકાર્ડ વગેરે આધારભૂત પૈકી કોઈપણ એકની નકલ.

ખાસ નોંધ :-

૧. અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે પાસપોર્ટ સાઈઝના બે ફોટા સાથે સ્વયં આવવાનું રહેશે.

## • ફક્ત કચેરી ઉપયોગ સારૂ •

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્રના અરદારનું પૂરું નામ | : | |
| ૨ | જાતિ / પેટા જાતિ | : | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોયતો નંબર/તારીખ | : | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટૂંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર / તારીખ | : | |

તૈયાર કરનાર કર્મચારીનું પૂરું નામ/પુરી સહી

સક્ષમ અધિકારીનું પૂરું નામ અને હોદ્દો

અધિકારીની સહી અને સિક્કો

(૧૦૦)

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦/૫/૨૦૧૮ ના ઠરાવ ક્ર:સશપ/૧૨૨૦૧૮/૨૧૯૯૨૭/અ નું બિડાણ)

પરિશિષ્ટ-બ

## ગુજરાત રાજ્ય

ફોટો

## બિનઅનામત વર્ગો માટે પ્રમાણપત્ર મેળવવા અંગેનું અરજી પત્રક

મારી ..............................જાતિનો સમાવેશ ગુજરાત રાજ્યના બિનઅનામત વર્ગોમાં એટલે કે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર હેઠળના અન્ય પછાત વર્ગો/ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો સિવાયના વર્ગોમાં થાય છે. મારે રાજ્ય સરકારે ગુજરાતના બિનઅનામત વર્ગો માટે જાહેર કરેલ યોજનાઓનો લાભ મેળવવા માટે પ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું પૂરું નામ/સરનામું, ટેલિફોન (કોડ નંબર સાથે)/મોબાઇલ નંબર | : | |
| ૨ | અરજદારના પિતા/વાલીનું પૂરુ નામ | : | |
| ૩ | અરજદારની માતાનું પૂરુ નામ | : | |
| ૪ | અરજદારની જાતિ/પેટા જાતિ તથા ધર્મ | : | |
| ૫ | અરજદારનુ વતન ગામ.................... તા............. જિ............ રાજ્ય. ........... | : | |
| ૬ | અરજદારના પિતાનું જન્મ સ્થળ/ અને મૂળ વતન. તાલુકોઃ- જિલ્લોઃ- રાજ્ય............ | : | |
| ૭ | બહારના રાજયના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો(મૂળ વતનનું રાજ્ય અને ગુજરાતમાં કેટલા વર્ષથી વસવાટ છે.) | : | |
| ૮ | અરજદારના પિતાની જાતિ/પેટા જાતિ અંગેની માહિતી | : | |
| ૯ | જાતિ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | | |
| ૧૦ | જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજૂ કરેલા આધાર/પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત<br>(૧)<br>(૨)<br>(૩)<br>(૪) | : | |

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦/૫/૨૦૧૮ ના ઠરાવ ક્રઃસશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ નું બિડાણ)

પરિશિષ્ટ-ક

## બાંહેધરી

હું આથી પ્રમાણિત કરૂ છું કે, હું અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અથવા કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર હેઠળના અન્ય પછાત વર્ગો/સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો પૈકીની જાતિઓનો નથી. તેમજ ઉપર દર્શાવેલી વિગતો મારી જાણકારી અને માન્યતા મુજબ સાચી છે. તેમજ મારો બિનઅનામત વર્ગમાં સમાવેશ થાય છે. મેં રજૂ કરેલ કોઇ પણ માહિતી ખોટી કે અપૂરતી માલુમ પડશે અથવા કોઇ અયોગ્યતા સરકારી યોજનાનો લાભ લેતા પહેલાં કે પછી માલૂમ પડશે તો તે અને પ્રવર્તમાન કાયદા અને/અથવા નિયમો હેઠળ મારી સામે પગલા લઇ શકાશે તે હું સમજું છું. અમોએ મેળવેલ બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર અધિકૃત સત્તાધિકારી ધ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો સરકારી યોજનાનો લીધેલ લાભ કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટીસ આપ્યા સિવાય રદ થવાપાત્ર છે અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર/ વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા છે.

સ્થળઃ- ..............................  અરજદારની પુરી સહીઃ-

(નામ)......................................

તારીખઃ-..............................  પિતા/માતા/વાલીની પુરી સહીઃ-

(નામ)......................................

<u>બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર મેળવવા રજૂ કરવાનાં થતા પુરાવાઃ-</u>

૧ અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર. સક્ષમ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, પિતા, કાકા, ફોઇ પૈકી કોઇ એકનો જાતિ પુરવાર થાય તેવો દસ્તાવેજમાગી શકશે.

૨. <u>રહેઠાણના પુરાવાઃ</u>- રહેઠાણના પુરાવા તરીકે લાઇટ બીલ, ટેલિફોન બીલ, રેશનકાર્ડ,ઘરવેરા બીલ, ચૂંટણી ઓળખકાર્ડ, આધાર કાર્ડ વગેરે આધારભૂત પૈકી કોઇપણ એકની નકલ.

ખાસ નોંધઃ-

૧. અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે પાસપોર્ટ સાઇઝના બે ફોટા સાથે સ્વયં આવવાનું રહેશે.

<u>ફકત કચેરી ઉપયોગ સારૂ</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્ર માંગનાર અરજદારનું પુરું નામ | : | |
| ૨ | જાતિ/પેટા જાતિ(બિનઅનામત વર્ગ) | : | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોયતો નંબર/ તારીખ | : | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટૂંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર/તારીખ | : | |

તૈયાર કરનાર કર્મચારીનું પુરૂ નામ/પુરીસહી

સક્ષમ અધિકારીનું પુરૂ નામ અને હોદ્દો

અધિકારીની સહી અને સિકકો

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૧૨/૨૦૧૮ ના ઠરાવ ક્ર:સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૩/અ નું પરિશિષ્ટ-ચ

## પરિશિષ્ટ-ચ

## બિનઅનામત જાતિઓની યાદી

| | |
|---|---|
| A. | બિનઅનામત હિંદુ જાતિઓ |
| 1. | બ્રાહ્મણ |
| 2. | નાગર બ્રાહ્મણ , નાગર |
| 3. | વળાદરા બ્રાહ્મણ |
| 4. | અનાવિલ બ્રાહ્મણ |
| 5. | ઔદિચ્ય બ્રાહ્મણ |
| 6. | તપોધન બ્રાહ્મણ |
| 7. | મેવાડા બ્રાહ્મણ |
| 8. | મોઢ બ્રાહ્મણ |
| 9. | ગુગળી બ્રાહ્મણ |
| 10. | સાંચોરા બ્રાહ્મણ |
| 11. | સારસ્વત બ્રાહ્મણ |
| 12. | શ્રીમાળી બ્રાહ્મણ |
| 13. | રાજપૂત, રજપૂત |
| 14. | ક્ષત્રિય |
| 15. | વાણિયા, વૈષ્ણવ શાહ |
| 16. | વૈષ્ણવ વાણિયા |
| 17. | ભાટિયા |
| 18. | ભાવસાર |
| 19. | ભાવસાર (જૈન) |
| 20. | બ્રહ્મ ક્ષત્રિય |
| 21. | ક્ષત્રિય પ્રભુ |
| 22. | નાન્યેતર જાતિ (જે SC, ST, OBC/SEBC માં ન હોય તે) |
| 23. | પુજારા |
| 24. | કેર |
| 25. | ખડાયતા |
| 26. | ખત્રી |

| | |
|---|---|
| 27. | કળબી, કણબી |
| 28. | લેઉવા પાટીદાર, પટેલ |
| 29. | કડવા પાટીદાર, પટેલ |
| 30. | લાડ વાણિયા |
| 31. | શ્વેતાંબર જૈન વાણિયા |
| 32. | દિગંબર જૈન વાણિયા |
| 33. | લોહાણા, લવાણા, લુહાણા |
| 34. | મંડાલી |
| 35. | મણિયાર |
| 36. | મરાઠા રાજપૂત ( મૂળે ગુજરાતમાં સ્થાયી થયેલ ) |
| 37. | મહારાષ્ટ્રીયન (જે SC, ST, OBC/SEBC માં ન હોય તે અને મૂળે ગુજરાતમાં સ્થાયી થયેલ) |
| 38. | દશા, વીસા જૈન |
| 39. | પોરવાલ જૈન |
| 40. | સોમપુરા, સોમપુરા બ્રાહ્મણ (ઘંટિયા સલાટ સિવાયના) |
| 41. | સોની, સોનાર, સુવર્ણકાર |
| 42. | સિંધી (જે OBC/SEBC માં ન હોય તે) |
| B. | બિનઅનામત મુસ્લિમ જાતિઓ |
| 43. | સૈયદ |
| 44. | બલોચ |
| 45. | બાવચી |
| 46. | ભાડેલા (મુસ્લિમ) |
| 47. | અલવી વોરા (મુસ્લિમ) |
| 48. | દાઉદી વોરા |
| 49. | સુલેમાની વોરા |
| 50. | મુસ્લિમ ચાકી |
| 51. | જલાલી |
| 52. | કાગઝી (મુસ્લિમ) |
| 53. | કાઝી |

| | |
|---|---|
| 54. | ખોજા |
| 55. | મલિક (જે OBC/SEBC માં ન હોય તે) |
| 56. | મેમણ |
| 57. | મોગલ |
| 58. | મોલેસલામ ગરાસિયા |
| 59. | મોમિન (પટેલ) |
| 60. | પટેલ (મુસ્લિમ) |
| 61. | પઠાણ |
| 62. | કુરેશી(સૈયદ) |
| **63.** | સમા |
| 64. | શેખ (જે **OBC/SEBC માં ન હોય તે)** |
| 65. | વ્યાપારી (મુસ્લિમ) |
| **66.** | અત્તરવાલા |
| **C.** <u>બિનઅનામત અન્ય ધર્માવલંબી **જાતિઓ**</u> | |
| 67. | **પારસી** |
| 68. | **ખ્રિસ્તી (જે** અનુસૂચિત જાતિમાંથી ધર્માંતરિત થયેલ નથી તે) |
| 69. | યહુદી |